
# પાલનપુરની સ્કાયલેબ રેસીડેન્સીની ત્રીજા માળની છતનો સ્લેબ તુટી પડતાં બે મહિલાના મોત



(તસવીર : હરેશ જોશી, પાલનપુર)





## મૃતક મહિલાને પાંચ માસનો ગર્ભ હતો તેના પતિએ આપેલ નિવેદન

પાલનપુર, તા. ૨૦

પાલનપુરમાં રોજેરોજ નવા બાંધકામોના કામો ચાલે છે. રેસીડેન્સી કોમ્પલેક્ષ રો હાઉસના હાઈવે વિસ્તારોમાં નવિન બાંધકામોનો ગ્રાફ ખુબજ વધ્યો છે. જેમાં એગોલારોડ વિસ્તારમાં બનતા એક રેસીડેન્સીના ત્રીજા માળની ગેલેરીની છતનો સ્લેબ અચાનક તુટી પડતાં નીચે બેઠેલી આદિવાસી મજુર મહિલા પર પડતાં બન્ને મહિલાના કરૂણ મોત નિપજતાં અરેરાટી મચી જવા પામી હતી બન્નેની લાશોને પી.એમ. ખાતે રાખેલ છે. જેમાં એક મહિલાને પાંચ માસનો ગર્ભ હતો. તે બાળકનું પણ મોત નિપજ્યું હતું તેવું મૃતકના પતીએ જણાવ્યું હતું.

પાલનપુરના આબુ હાઈવે હનુમાન ટેકરી નજીક આવેલા એગોલો રોડ પાસે બની રહેલ સ્કાયલેબ રેસીડેન્સીનું બાંધકામ ચાલી રહ્યું હતું. બપોરના આશરે સાડા ત્રણ કલાકે મજુરી કામ કરતા રાજુભાઈ બાબુભાઈ આદિવાસીના પત્ની લક્ષ્મીબેન ઉં. ૨૬ અને ભાગુબેન ઉદેરામ ઉં. ૧૫ રહે. મામુન મધ્યપ્રદેશવાળા નીચે બેઠા હતા. ત્યારે ત્રીજા માળની ગેલેરીની છતનું ધાબુ અચાનક તુટી પડીને નીચે બેઠેલી બન્ને મહિલા પર પડતા એક મહિલાની ખોપરી ફાટી ગઈ હતી અને ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. બીજી મહિલાના પર પડતા તેનું પણ કમકમાટીભર્યું મોત થવા પામ્યું હતું. અચાનક પડેલા સ્લેબના કારણે અવાજ થતાં લોકો દોડી આવ્યા હતા અને બન્નેને તાત્કાલિક સિવિલના પી.એમ. ખાતે લાવેલ પોલીસે કાર્યવાહી હાથ ધરેલ જ્યારે મૃતકના પતિએ રાજુભાઈએ મીડીયાને જણાવેલ કે મારે બે બેબી એક બાબો છે. અને મરનાર મારી પત્નીને પાંચ માસનો ગર્ભ હતો તે પણ મરી જવા પામ્યો છે. આમ મજુરીકામે આવેલા મધ્યપ્રદેશના મજુરની જાણે દુનિયા જ લુંટાઈ જવા પામી હતી.

ઉપરોક્ત સ્કાયલેબ રેસીડેન્સીનું બાંધકામ હલકી ગુણવત્તાનું હોવાના કારણે આ ઘટનાનું સર્જન થવા પામ્યું છે. ત્યાના સ્થાનિકો દ્વારા તથા સિવિલના પ્રાંગણમાં લોકો દ્વારા ભારે ચર્ચાઓ થવા લાગી હતી. આ થઈ રહેલા બાંધકામોની જિલ્લા કલેક્ટર દ્વારા ન્યાયીક તપાસ કરાવાય. જે બીલ્ડીંગ બનતા જ તુટી પડવાનો બનાવ બન્યો હોય તો તેનું બાંધકામ કેવા મટીરીયલનું હશે ? બની ગયા બાદ પણ આવી દૂર્ઘટના નહી સર્જાય તેની શુ ખાત્રી ? આ તમામ સળગતા પ્રશ્નો ઉઠવા પામ્યા છે. આ બાંધકામમાં ગેરરીતિઓ થઈ હોય તો તેની ન્યાયીક તપાસ કરાવીને દોષીઓ સામે કડક પગલા ભરાય તેવી જાગૃત નાગરીકોની માંગ ઉઠવા પામી છે. આમ શહેરમાં આડેધડ બની રહેલા નવિન બાંધકામોની ગુણવત્તાની ચકાસણી કરાવાય અને ન્યાયીક તપાસ કરાવાય. આજે આ બનાવમાં મજુરના મોત થયા છે. કાલે રહેણાંક કરતા લોકોને પણ ભોગવવાનો વારો આવે. બાંધકામ વિભાગ દ્વારા ન્યાયીક તપાસ કરવી કરાવવી જરૂર બની છે.

### ૧૦ ફેબ્રુઆરીએ ૭૫ નગરપાલિકાની ચૂટણી યોજાશે

# પાલિકા ચૂંટણીમાં જીપીપીને 'બેટ'નું સિમ્બોલ મળશે નહી

### 'ગુજરાત પરિવર્તન પાર્ટી'ના 'બેટ'ના પ્રતિક માટે વાંધા સૂચનોની છેલ્લી તા. ૪થી ફેબ્રુઆરી છે

ગાંધીનગર,તા.૨૦

રાજયમાં ૭૫ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી, જૂનાગઢ જિલ્લાની તલાલા નગરપાલીકાની મધ્યસત્ર ચૂંટણીતેમજ જૂનાગઢના વોર્ડ નંબર ત્રણની પેટા ચૂંટણી આગામી તા. ૧૦મી ફેબ્રુઆરીએ યોજાશે ઉમેદવારો પત્રો ભરવાની છેલ્લી તા. ૨૪મી જાન્યુઆરી છે. આ ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટી પણ ઝંપલાવશે. પરંતુ પરિવર્તન પાર્ટી તેના 'બેટ'ના સિમ્બોલ પર ચૂંટણી લડી શકશે કે કેમ એ માટે પ્રશ્નાર્થ ઉભો થયો છે. કારણ કે રાજ્ય ચૂંટણી પંચે જીપીપીના પ્રતીક 'બેટ' માટે વાંધા-સૂચનો મંગાવ્યા છે. જેની અંતિમ તારીખ ૪થી ફેબ્રુઆરી છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જીપીપીએ 'બેટ'ના પ્રતિક સાથે લડી હતી. કેન્દ્રિય ચૂંટણી પંચે જીપીપીને કામચલાઉ સિમ્બોલ તરીકે 'બેટ'નું પ્રતિક આપવામાં આવ્યું હતું. વિધાનસભાની ચૂંટણી બાદ રાજયમાં ૭૫ જેટલી નગરપાલિકાઓની ચૂંટણી આગામી તા.૧૦ ફેબ્રુ.એ યોજવા માટે ચૂંટણી પંચે જાહેરનામું પ્રસિદ્ધ કરી દીધું છે. આ ઉપરાંત બે જિલ્લા અને ૧૫ તાલુકા પંચાયતોની ચૂંટણી પણ ફેબ્રુઆરીમાં જ યોજવાની છે.

બીજી બાજુ ગુજરાતપરિવર્તન પાર્ટીએ 'બેટ'નું સિમ્બોલ કાયમી ફાળવવામા આવે તે સંદર્ભે રાજ્ય ચૂંટણી પંચને અરજી કરતાં ચૂંટણી પંચે વાંધા-સૂચનો મંગાવ્યા છે અને તેની છેલ્લી તારીખ ચોથી ફેબ્રુઆરી છે. એટલે નગરપાલિકાઓની ચૂંટણીઓમાં ગુજરાત પરિવર્તન પાર્ટી 'બેટ'ના સિમ્બોલ પર ચૂંટણી લડી શકશે કે કેમ એ વિશે પ્રશ્નાર્થ ઊભો થયો છે.

સૂત્રોના કહેવા મુજબ ભાજપે વિધાનસભાની ચૂંટણીમાં જવલંત વિજયી મેળવ્યા બાદ હવે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ માટે તડામાર તૈયારીઓ આરંભી દીધી છે. ગાંધીનગરમાં મળેલી ભાજપના પાલમિેન્ટરી બોર્ડની બેઠકમાં ચૂંટણીની વ્યુહ રચના ઘડી કાઢવામાં આવી છે. જે નગરપાલીકાઓની ચૂંટણી યોજાવાની છે તેની જવાબદારી મંત્રીઓને સોંપવામાં આવી છે. બીજી બાજુ વીધાનસભાની ચૂંટણીમાં મળેલી કારમી હાર બાદ કોંગ્રેસ હજુ હતાશામાંથી બહાર આવી શકી નથી. પ્રણાલી પ્રમાણે જે નગરપાલિકાઓની ચૂંટણી યોજાવાની છે ત્યાં નિરક્ષકો મોકલીને અહેવાલ મેળવી લીધો છે. પણ નગરપાલિકાઓમાં કોંગ્રેસના સ્થાનિક અગ્રણીઓ કહેશે તેને જ ટિકિટ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## પાલનપુરમાંથી પલાયન થયેલા પ્રેમી-પંખિડા રાજકોટથી પકડાયા


### યુવતી સગીર હોવાથી પોલીસે અપહરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

પાલનપુર,તા.૨૦

પાલનપુરમાં કમાલપુરા વિસ્તારમાં એક જ મહોલ્લામાં રહેતાં મેમણ પરિવારની ૧૬ વરસની કિશોરીને ખત્રી પરિવારના ૨૨ વરસના યુવાને પ્રેમની માયાજાળમાં ફસાવી તેનું અપહરણ કરી આશરે ૮ દિવસ પહેલાં ભગાડી ગયો હતો. જ્યારે શહેર પોલીસને આ બન્નેના પરિવારોએ ગુમ થયેલાઓની અલગ અલગ ફરિયાદ નોંધાવી હતી જેના આધારે શહેર પોલીસે તપાસ કરતાં આ બન્ને રાજકોટ હોવાનું માલુમ પડતાં આ બન્નેને પોલીસે પકડી પાલનપુર લાવ્યા હતા. કિશોરીની માતાની ફરિયાદના આધાર પર ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શહેર પોલીસમાંથી મળતી માહિતી મુજબ કમાલપુરામાં રહેતા શરીફાબેન હાજી અબ્દુલ જબ્બાર મેમણની ૧૬ વરસની દીકરીને આજ મહોલ્લામાં રહેતો ઘનશ્યામભાઈ ખત્રીનો ૨૨ વરસનો પુત્ર પ્રિયંક જે તા.૧૧-૧-૨૦૧૩ના રોજ પાલનપુરના બસ સ્ટેશન ઉપર કિશોરીને પ્રલોભન આપી અપહરણ કરી ભગાડીને ભુજ અને રાજકોટ જેવા શહેરોમાં લઈ ગયો હતો. જ્યારે ફરિયાદ ના આધરે શહેર પી.આઈ. આર.બી. દેસાઈને આ બન્ને રાજકોટ બસ સ્ટેશન પર હોવાનું જાણ થતાં પોલીસે રાજકોટ પહોંચીને બન્નેને પકડી લીધા હતા અને પાલનપુર લાવીને વધુ તપાસ હાથ ધરી હતી.

### વડીલોને વંદન
### અભિનંદન




ત્ર્યંબકભાઈ એચ. વ્યાસ
(૧૯૨૨)ફોન:૨૩૨૩૯૫૯૭



ખેંગારજી શિવજી ચૌહાણ
(૧૯૫૦)ફોન:૨૩૨૨૪૯૭૬

## ૭ તાળા તોડવા વપરાયેલુ લોખંડનું હથિયાર ટોમી મળ્યુ

ધી લવારપુર દૂધ ઉત્પાદક મંડળીના બિલ્ડીંગમાં રાત્રી દરમ્યાન



ત્રાટકેલી ટોળકીએ મંડળી તથા બેંકના મળીને કુલ ૭ તાળાઓ તોડ્યા હતા અને અંદર પ્રવેશ્યા હતા. દૂધમંડળીના ૪ તાળા, બેન્કના બે તાળા અને પશુના દાણા માટેના ગોડાઉનનું એક તાળુ મળીને કુલ ૭ તાળા તોડવામાં આવ્યા હતા. તાળાઓ તોડવા માટે વપરાયેલુ લોખંડનું હથિયાર ટોમી ડેરીના મકાનના બારણા પાસેથી જ મળી આવ્યુ છે પોલીસે તે કબ્જે લઈ તપાસ શરૂ કરી છે.

## બેંકનું વિજ કનેક્શન કાપી નાંખતા અલાર્મ ન વાગ્યુ : જાણભેદુની સંડોવણીની શક્યતા

માસ્ટર માઈન્ડ ટોળકીએ ચોરી કરવા અંદર બેંકમાં પ્રવેશતા પહેલા બેંકનું વિજ કનેક્શન જ કાપી નાંખ્યુ હોવાનું જાણવા મળ્યું છે. જેને પગલે ઈન્સ્ટોલ્ડ અલાર્મ વાગ્યુ જ ન હતુ.



આયોજનપૂર્વક આવેલી ટીમને આ બાબતોનો ખ્યાલ કેવી રીતે આવ્યો તે પ્રશ્નાર્થ છે. જેને પગલે અંદરનું કોઈ વ્યક્તિ આ ચોરીમાં સંડોવાયેલુ હોવાની શક્યતા પણ નકારી શકાય તેમ નથી...

## માસ્ટર માઈન્ડ ટોળકીએ કોઈ જ સુરાગ ન છોડ્યો

### તાળા તોડવા વપરાયેલી ટોમી કાટ વાળી હોવાથી ફિંગરપ્રિન્ટ ન આવી

તસ્કર ટોળકી એટલી માસ્ટર માઈન્ડ હતી કે બેંકમાં પ્રવેશતા વેંત જ સીસી ટીવી કેમેરા તોડી નાંખ્યા અને જતી



વખતે કેમેરાના ફુટેજ જ્યા સ્ટોર થાય તે સીપીયુ આખુય ઉઠાવી ગયા. તે ઉપરાંત ઈલેક્ટ્રીસીટી બંધ કરી દેતા અલાર્મ ન વાગ્યુ અને જે હથિયાર લોખંડની ટોમી તાળા તોડવા વાપરી હતી તે પણ કાટ વાળી હતી જેથી ફિંગરપ્રિન્ટ પણ આવી શકી નથી. ઉપરાંત કેમેરામાં તોડફોડ કરીને કેબલ પણ કાપી નાંખ્યા હતા.

### બેંકમાંથી ચોરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી બિન્દાસ્તપણે ગામમાંથી સરકી ગયા હતા. બેંકમાં પ્રવેશીને તુરત જ તસ્કરોએ સી.સી. ટી.વી. કેમેરામાં કેદ ન થઈ જાય તે માટે કેમેરાના વાયરો કાપી નાંખી કેમેરાની તોડફોડ કરી મુકી હતી. આયોજનબદ્ધ આવેલી ટોળકીએ આવતા વેંત તે બિલ્ડીંગનો વિજ વાયર કાપી નાંખ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. જેથી સિક્યુરીટી એલાર્મ સિસ્ટમ પણ કામ કરતુ બંધ થઈ ગયું હતું. તાળા તોડીને બેંકમાં પ્રવેશેલા તસ્કરોએ તમામ તિજોરીઓ ફેંકી નાંખી હતી અને રૂપિયા ભરેલી એક તિજોરી આખેઆખી ઉપાડી લઈ ગાડીમાં નાંખી દીધી હતી. આ ૨૫૦ કિલો વજનની તિજોરીમાં રૂ. ૧૪,૬૯,૦૫૧ રોકડા પડ્યા હતા. તે ઉપરાંત બેંકમાંથી ૪ સી.પી.યુ., અને બે એલ.સી.ડી. રૂ. ૩૫ હજારની કિંમતના ઉઠાવી ગયા હતા. તસ્કરો બેંકની અંદરથી જ બાજુની દૂધ ઉત્પાદક મંડળીમાં પ્રવેશ્યા હતા અને તેની તિજોરી ફેંદતા તેમાંથી રૂ. ૧૦હજાર રોકડા મળી આવતા તે પણ ઉપાડી ગયા હતા. મધરાત્રે તરખાટ મચાવી મુકનાર તસ્કર ટોળકીએ એક જ બિલ્ડીંગમાંથી રૂ. ૧૫.૧૪ લાખની મત્તાની ચોરી કરી કોઈને સ્હેજ પણ અણસાર સુદ્ધા ન આવે તેમ સરકી ગયા હતા. વહેલી સવારે દૂધ ઉત્પાદક મંડળી ખોલવા આવેલી વ્યક્તિએ તાળા તુટેલા જોતા પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. ડભોડા પોલીસે બેંકના બ્રાન્ચ મેનેજર જીગ્નેશભાઈ શાહની ફરીયાદને આધારે અજાણી ગેંગ વિરૂદ્ધ ગુનો નોંધીને એફ.એસ.એલ. અને ડૉગ સ્કવોર્ડ બોલાવી વિવિધ ટુકડીઓ દોડતી કરીને વૈજ્ઞાનિક ઢબે તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે આ ચોરી પાછળ હાઈવે ગેંગનો હાથ હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે.

# રિક્ષાચાલકોની હડતાલ પુરી પરંતુ લડત હજુય ચાલુ રહેશે

અમદાવાદ, તા.૨૦

સીએનજીમાં અદાણી દ્વારા કરવામાં આવેલા ભાવ વધારાના વિરોધમાં રિક્ષા ચાલકોએ પાડેલી હડતાલને હાલ પુરતી સમેટી લીધી છે. પરંતુ રિક્ષા ચાલકો આક્રમક મુડમાં દેખાઈ રહ્યા છે. રિક્ષા ચાલક યુનિયનોનું કહેવું છે કે, જો તેમની લઘુત્તમ ભાડા ૧૫ની માંગણીને સરકાર સ્વીકારશે નહીં તો ૨૭મી તારીખથી અચોક્કસ મુદતની હડતાલ પાડવામાં આવશે. રિક્ષા ચાલકોએ શુક્રવાર અને શનિવાર તથા રવિવારે એમ ત્રણ દિવસ જડબેસલાક બંધ પાળ્યો હતો. જેનાં કારણે શહેરમાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો હતો. જો કે આવતી કાલથી હવે રિક્ષા ચાલકો તેમની સેવા પુનઃ શરૂ કરી રહ્યા છે. પરંતુ ૨૩,૨૪ અને ૨૫ જાન્યુઆરીના દિવસે ૭૨ કલાકની ભુખ હડતાલ યુનિયનોના આગેવાનો કરનાર છે. આ ભુખ હડતાલ ઈન્કમટેક્સ ખાતે કરવામાં આવનાર છે. જેમાં ૧૩ આગેવાનો જોડાશે. રિક્ષા ચાલક યુનિયન સરકાર સાથે વાતચીત કરવાના પણ મુડમાં છે.

તેમનું કહેવું છે કે, જો સરકાર લઘુત્તમ ભાડા ૧૫ની માંગ સ્વીકારી લેશે તો આગામી તમામ કાર્યક્રમોને રદ કરી દેવામાં આવશે. પરંતુ જો સરકાર તેમની માંગણને સ્વીકારશે નહીં તો આગામી કાર્યક્રમોને આક્રમક રીતે આગળ વધારવામાં આવશે. રિક્ષા ચાલકોના આગેવાનોનું કહેવું છે કે, સરકાર ૧૨ રૂપિયા લઘુત્તમ ભાડું કરી આપવા માટે તૈયાર છે પરંતુ અમે સીએનજીમાં હાલના ભાવ વધારાને લઈને ૧૫ રૂપિયાની માંગ કરી રહ્યા છીએ. જેથી વાતચીત અટવાઈ પડેલી છે. છતાં સરકાર સાથે વાતચીત માટે અમે તૈયાર છીએ. આજે ઉસ્માનપુરા ખાતે રિક્ષા ચાલક યુનિયનોના નેતાઓની મહત્વપૂર્ણ બેઠક મળી હતી જેમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

### પેઈન મેનેજમેન્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અત્યાર સુધી લગભગ ત્રીસથી વધુ દર્દીઓને આ નવી પદ્ધતિ અનુસાર સારવાર અપાઈ છે. મોટાભાગના દર્દીઓને ખુબ રાહત મળી છે. અગાઉની સારવાર કરતાં આ સારવારની સફળતાની ટકાવારી ઉંચી રહેતા ડૉ. હર્ષેનો ઉત્સાહ વધ્યો છે. સેક્ટર-૨-એ ખાતેના તેમના ક્લીનીક પર તેઓ સવારે ૯ થી ૧૧ અને સાંજે ૫ થી ૮ દરમ્યાન મળી શકશે. આ ઉપરાંત એપોલો હોસ્પિટલમાં પણ તેમનો સંપર્ક સાધી શકાય છે. સંપર્ક નં. ૯૮૨૫૨૫૨૧૦૦.

### ઐતિહાસિક સિદ્ધિ હાંસલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બુથ ઉપર લાવી પોલિયોની રસીથી રક્ષિત કરવા જાહેર વિનંતી કરેલ હતી. તદઉપરાંત તેઓએ એમ.ઓ.એચ.શ્રી ડૉ. દિનેશ બારોટ સાથે મહાનગરપાલિકાના અન્ય બુથોની પણ મુલાકાત લઈ વાલીઓને જાગૃત કર્યા હતા.

ચાલુ વર્ષે મહાનગરપાલિકા વિસ્તારનાં ઉત્સાહી અને સંવેદનશીલ કોર્પોરેટરશ્રીઓએ પોતપોતાના વિસ્તારમાં આવેલ પોલિયો બુથની મુલાકાત લઈ વિસ્તારનાં નાગરિકોને બુથ પર પોતાનાં બાળકોને લાવવા મદદરૂપ થયેલ હતાં આમ સમગ્ર રીતે ઝીણવટભર્યા આયોજન તથા સમગ્ર આરોગ્ય ટીમની કામગીરીને કારણે મહાનગરપાલિકા વિસ્તારમાં બુથ કામગીરીમાં વિક્રમરૂપ ૯૧ ટકા સિધ્ધિ હાંસલ થયેલ છે.

**GUJARAT WATER INFRASTRUCTURE LIMITED**
Jal Sewa Bhavan, 3rd Floor, Opp. Wasmo, Sector-10, Gandhinagar

**SHORT TENDER NOTICE NO. 1/2013**

Tender is invited for providing xerox machine on hire basis from local firms having own Xerox machine of latest model on annual base contract in sealed by RPAD only.
The sealed cover shall be sent GWIL within 7 days of this notice.

| Sr. No. | Item | Unit |
|---|---|---|
| 1 | A4 Size (Without Paper) | 1 Copy |
| 2 | Legal Size (without Paper) | 1 Copy |
| 3 | A 3 Size (without Paper) | 1 Copy |

Paper, electricity & man power required to operate Xerox machine shall be provided by the GWIL.
**Note :** only selected firm has to deposit Rs. 10,000/- as security Deposit in the favour of GWIL which shall be returned after the completion of contract. INF/2054/12-13

ટચૂકડી જાહેર ખબર

**મેનેજર જોઈએ છે**

ગાંધીનગરમાં રહેતા ૪૦ થી ૪૫ વર્ષ, આજુબાજુની ઉંમરના, ટુ-વ્હીલર ધરાવતા, રોજબરોજની નાણાંકીય લેવડદેવડ તેમજ તેના હિસાબો સંભાળી શકે તેવા, જૈન ટ્રસ્ટના અનુભવી કોમ્પ્યુટરના જાણકાર મેનેજરની તાત્કાલિક જરૂરિયાત છે. વિગતો તથા પુરાવા સાથેની અરજી જૈન સંઘની પેઢી, ૧૭-૨૨ દેરાસર, સેક્ટર-૨૨ ખાતે ટપાલથી અથવા રૂબરૂ મોડામાં મોડી તા. ૨૮-૧-૨૦૧૩ સુધીમાં મોકલવા વિનંતી છે.

**શેડ ભાડે આપવાનો છે**

ઈલેક્ટ્રોનિક જી.આઈ.ડી.સી.માં મધુર ડેરી પાસે, ૬૫૦ વારના પ્લોટમાં શેડ ભાડે આપવાનો છે.

સંપર્ક :
મો. : ૯૧૭૩૬ ૭૩૬૧૨

## શબ્દાવલી - ૪૯૫૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | ૫ |
| | ■ | ૬ | ૭ | ■ | ■ | ૮ | |
| ૯ | ૧૦ | | | ૧૧ | ■ | ૧૨ | |
| ૧૩ | | ■ | ૧૪ | | ૧૫ | | ■ |
| | ■ | ૧૬ | ■ | ■ | | ■ | ૧૭ |
| ■ | ■ | ૧૮ | ૧૯ | ૨૦ | | ■ | |
| ૨૧ | ૨૨ | ■ | ૨૩ | | | ■ | |
| ૨૪ | | | ■ | | ■ | ૨૫ | |

### આડી ચાવી

૧. શિકાર (૨)
૩. એકાંતને હિન્દીમાં... કહેવાય (૪)
૬. બેડુ, ઘડો (૨)
૮. 'લાલ' શબ્દ ઊંધો (૨)
૯. અવરોધરૂપ થવું, નડવું (૫)
૧૨. ધૂળના કણ (૨)
૧૩. વરણાગીયો માણસ (૨)
૧૪. રાજાઈ ઠાઠ-માળવાળુ, અમદાવાદમાં એક હોટલનું નામ (૪)
૧૮. પંખીઓને ચણવા માટે ચોરે બનાવેલ ચબૂતરો (૪)
૨૧. રૂંવાડા, રોંગટા (૨)
૨૩. જાળી જેવી બારી (૩)
૨૪. પાક, ઉપજ (૩)
૨૫. કોલસા વગેરેની... હોય (૨)

### ઊભી ચાવી

૧. સૂતક, અભડાવું તે (૫)
૨. ... નાખવી, માગતા જતા યાચક રોજ સંભળાવે તે કહેણ (૩)
૪. બાળકોને સુવરાવવા ગવાતું ગીત (૨)
૫. ઉપાય (૩)
૭. સ્હેજ, જરાક (૩)
૧૦. ખરલ, વાટવાનો પથ્થર (૨)
૧૧. ખીજનું વિરોધી (૨)
૧૫. ખુબ વાતો કર્યા કરનારૂં (૪)
૧૬. રોપડા, નાના છોડ (૨)
૧૭. ઉપાધિ, ચિંતા (૪)
૧૯. છૂટ્ટી, રવિવાર... નો દિવસ (૨)
૨૦. શીતળા, એક રોગ (૩)
૨૧. મિજાજ, રૂઆબ (૨)
૨૨. મેશ, કાજળ (૨)

### શબ્દાવલી ૪૯૫૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) પરિશ્રમ (૪) ઉડાઉ (૬) રકમ (૮) કાવ (૯) અસમંજસ (૧૧) યારી (૧૨) આલારામ (૧૫) વેશભૂશા (૧૭) ધોધ (૧૮) કાણમોકાણ

**ઊભી ચાવી :-** (૧) પરકાયા પ્રવેશ (૨) રિકવરી (૩) શ્રમ (૫) ઉજાસ (૭) ફાંસ (૯) અભિલાષા (૧૦) જડ (૧૨) આભૂષણ (૧૩) મજા (૧૪) આડેધડ (૧૬) ઝોકા